**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૫.૦ ડીગ્રી
લઘુતમ : ૧૩.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૧ ટકા ● સાંજે ૩૧ ટકા



સેકટર-૨૫ જીઆઈડીસી વિસ્તારમાં શ્રમિકોને ફાળવવામાં આવેલા મકાનોમાં સુવિધાઓના નામે મીંડુ છે. અહીં તેઓ રહેવા આવ્યા તે પછી તેઓ અનેક પ્રકારની સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. ગટરના ગંદા પાણીનો નિકાલ થતો ન હોવાથી અહીં ખૂબ ગંદકી ફેલાઈ છે. મચ્છરોનો ઉપદ્રવ વધતાં વસાહતીઓ હેરાન પરેશાન થઈ રહ્યા છે.

# સે-૨૮ બાલોદ્યાન ન ખુલવાથી મુલાકાતીઓ નિરાશ

## નાના બાળકો શાળાએ જતા ન હોવાથી રાઈડસમાં બેસવા માટે તત્પર

ગાંધીનગર, તા.૨૨

શહેરના પ્રવાસન સ્થળો કોરોનાને કારણે બંધ કરવામાં આવ્યા હતા. કોરોનાની મહામારી ઓછી થતા ધીમે ધીમે ઈન્દ્રોડા પાર્ક અને સરિતા ઉદ્યાન તો સરકારની ગાઈડલાઈન મુજબ શરૂ કરવામાં આવ્યા છે પરંતુ સ-૨૮નું બાલોદ્યાન શરૂ કરવામાં આવ્યું નથી. જેને કારણે ખાસ બાળકો નિરાશ છે. પાછલા વર્ષમાં ઘરમાં જ રહી દિવસ પસાર કર્યા બાદ હજી નાના બાળકો શાળાએ જતા ન હોવાથી તેઓ રાઈડસમાં બેસવા માટે તત્પર છે.

શહેરનું સે-૨૮નું બાલોદ્યાન શહેરીજનો સાથે બહારગામના તમામમાં પ્રિય છે. ગુરુવારે અને રવિવારે તો ખાસ અહીં મુલાકાતીઓ આવતા જતા રહે છે. એમાંય નાના બાળકો સે-૨૮માં આવવા અતિ ઉત્સુક જણાય છે ત્યારે શહેરની મુલાકાતે આવતા તમામ સે-૨૮નું ગાર્ડન બંધ જોઈને પાછા જતા નિસાસા નાંખી રહ્યા છે. તંત્ર દ્વારા શહેરના તમામ પર્યટન સ્થળોને મર્યાદિત સમય સાથે ખોલવામાં આવ્યા છે પરંતુ સે-૨૮ના બગીચાને હજી સુધી કેમ મુલાકાતીઓ માટે ખુલ્લા મુકવામાં આવ્યા નથી તે સામે શહેરીજનો અને મુલાકાતીઓમાં એક પ્રશ્ન છે.

શહેરમાં કોરોના સંક્રમણ ન વધે તે માટે તંત્ર દ્વારા મુલાકાતીઓ જયાં અવરજવર કરી ભીડ કરી શકે તે તમામ પર્યટન સ્થળોના ગેટ બંધ કરી દેવામાં આવ્યા હતા. શહેરમાં આવેલા અક્ષરધામ, ઈન્દ્રોડા પાર્ક અને સરિતા ઉદ્યાનને તો હવે લોકડાઉન પૂર્ણ કર્યા બાદ ખોલાયા છે પરંતુ હજી સુધી સે-૨૮ના બગીચાના ગેટ ખુલ્યા નથી. થોડા સમય પહેલા જ બગીચાના નવીનીકરણ માટે પણ આ બગીચાને મુલાકાતીઓ માટે બંધ કરવામાં આવ્યો હતો અને માંડ મુલાકાતીઓ સે-૨૮ના નવા રીનોવેટેડ ગાર્ડનમાં જતા થયા અને કોરોનાને કારણે પાછા ગાર્ડનના દરવાજા મુલાકાતીઓ માટે બંધ થયા હતા અને હજી બંધ છે. તે સામે શહેરના અન્ય પ્રવાસન સ્થળો ખુલી ગયા છે. માટે શહેરીજનો તથા શહેરમાં આવતા મુલાકાતીઓ સે-૨૮ ગાર્ડનના દરવાજા ખુલવાની રાહ જોઈ રહ્યા છે.



# ઉવારસદમાં બાજી માંડીને બેઠેલા ૨ જુગારી ઝડપાયા

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેર નજીક આવેલા ઉવારસદ ગામના પગીવાસ પાણીની ટાંકી નજીક આવેલી વાડીમાં ખુલ્લી જગ્યામાં જુગાર રમતા બે શકુનીઓને અડાલજ પોલીસે પકડી પાડ્યા છે. જયારે પોલીસની રેઈડ પડતા જુગારીઓમાં દોડધામ મચી જતા કેટલાક જુગારી ભાગી જવામાં સફળ રહ્યા હતા. પોલીસો દાવ પરથી અને અંગજડતી દરમિયાન રૂ.૧૦,૪૦૦ મળી જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા પાસેથી મળતી વિગત મુજબ અડાલજ પોલીસ મથકના સ્ટાફના જવાનો પેટ્રોલીંગમા હતા તે દરમિયાન એએસઆઈ રતનલાલ અને કોનસ્ટેબલ હીતેન્દ્રસિંહને બાતમી મળી હતી કે પગીવાસ પાણીની ટાંકી પાસે કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે. જેથી પોલીસે સ્થળ પર જઈ રેઈડ પાડતા જુગાર રમી રહેલા રણજીતકુમાર પોપટજી ચૌહાણ (ઉં.૩૩, રહે. ગામ વલાદ દરવાજા બહાર ઠાકોર વાસ) અને વિજય કનુભાઈ ઠાકોર (ઉં.૨૨, ગામ વલાદ ખાંટવાળો વાસ) ઝડપાઈ ગયા હતા. પોલીસે જુગારીઓની અંગજડતી લેતા રોકડા રૂ.૫૨૦૦ તેમજ દાવ પરથી રૂ.૫૨૦૦ મળી કુલ રૂ.૧૦,૪૦૦નો મુદ્દામાલ જપ્ત કરી બે ઈસમો સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.




ગાંધીનગર ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સમર્પણ સ્કૂલ ઓફ લૉ ખાતે ગાંધીનગર ગ્રાહક સુરક્ષા અદાલતના મુખ્ય ન્યાયાધીશ ડી.ટી. સોનીના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

# ગોકુળપુરાની જનતાનો રોષ ભાળી સ્થાનિક કોર્પોરેટર દોડી આવ્યાં

## મહિલાઓએ ચુંટણી સમયે જ દેખાડો દેવા બદલ રોષ ઠાલવ્યો

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરના ગોકુલપુરા સાથે મહિલા સામાજિક કાર્યકરે સ્થાનિક સમસ્યાઓને પગલે જનતાને પ્રતિનિધિઓનો જવાબ માગવા અને પછી જ આગામી ચૂંટણીઓમાં મતદાન કરવા રહીશોને જાગૃત કરવાના ઉદ્દેશથી લગાડેલા હોર્ડિંગ્સ લગાડીને કરેલા અનોખા કિમિયા અંગેના સમાચારોને પગલે આજે સ્થાનિક કોર્પોરેટર જીતુભાઈ રાયકા ગોકુલપુરાના રહીશોને મળવા માટે ધસી ગયાં હતાં. જો કે સ્થાનિક રહીશોએ ગત ચૂંટણી પછી છેક હવે પોતાનું મ્હોં દેખાડવા આવેલા કોર્પોરેટર સમક્ષ સ્થાનિક સમસ્યાઓ અંગે ઘણો રોષ ઠાલવ્યો હતો જેના જવાબમાં કોર્પોરેટરે ઝડપથી સમસ્યાઓ ઉકેલવાની હૈયાધારણ આપી હતી.

હમેશા ચૂંટણીઓમાં પ્રજાને હથેળીમાં ચાંદ દેખાડી મસમોટા વચનો આપી મત મેળવી લેવાની અને પછી તે જ જનતાને ભૂલી જવાની રાજકીય નેતાઓને આદત પડી ગઈ છે, અને જ્યારે ફરી ચૂંટણી આવે ત્યારે જ રાજકીય નેતાઓને ફરી પોતાના મતદારો યાદ આવતા હોય છે. જોકે હવે જમાનો બદલાયો છે આજના યુગમાં પ્રજા નેતાઓને આ પ્રકારની ચાલબાજીને સારી રીતે ઓળખતી જવા પામે છે અને આ નેતાઓને કેવી રીતે સીધા કરવા તે પણ જનતા ખૂબ સારી રીતે જાણે છે. ગાંધીનગરના ‘ક’ રોડ પર ગોકુળપુરા વસાહતમાં છેલ્લાં કેટલાય સમયથી રોડ, રસ્તા, પાણી, આરોગ્ય કેન્દ્ર, બાળકો માટે બગીચાની સુવિધાની ઉણપ સહિત વારંવાર ગટરો ઉભરાવાની અને વસાહતના રહીશોને તેમના મકાનોની કાયદેસરતા માટે સનદ મેળવવાનાં મુશ્કેલી જેવી અનેક સમસ્યાઓથી રહીશો ત્રસ્ત હતા. અનેકવાર પોતાની વણઉકેલાયેલી સમસ્યાઓ પ્રત્યે રજુઆતો કરવા છતાં નેતાઓની ઉપેક્ષાથી કંટાળેલી જનતા પૈકી એક સ્થાનિક મહિલા સામાજિક કાર્યકરે બે દિવસ પહેલાં એક નવો જ કીમિયો અપનાવ્યો હતો જેમાં તેમણે વણઉકેલાયેલી સ્થાનિક સમસ્યાઓનું ફોટા સાથે લિસ્ટ બનાવીને આગામી ચૂંટણીઓમાં નેતાઓએ મત માગવા આવે ત્યારે તેમને પહેલા આ બાબતે સવાલો પૂછવા માટે વસાહતીઓને જાગૃત કરતાં હોર્ડિંગ્સ લગાવ્યાં હતાં. આ હોર્ડિંગ્સ અંગે ગાંધીનગર સમાચાર સહિત માધ્યમોમાં ચમકેલા સમાચારોથી સત્તાધીશો અને તે વિસ્તારમાંથી ચુંટાયેલા સ્થાનિક નેતાઓમાં ચકચાર મચી જવા પામી છે. આ સમાચારને પગલે તે વોર્ડના સ્થાનિક કોર્પોરેટર જીતુભાઈ રાયકા આજે સવારથી પોતાના ટેકેદારો સાથે ગોકુળપુરામાં પંહોચી ગયા હતા અને સ્થાનિક નાગરિકોને મળીને તેમની સમસ્યાઓ જાણવા પ્રયાસ કર્યો હતો. જો કે મળતી માહિતી અનુસાર ગોકુળપુરાની જનતાએ ખાસ કરીને મહિલાઓએ જીતુભાઈ સમક્ષ તેમની સમસ્યાઓ પ્રત્યે દાખવેલી ઉદાસીનતા બાબતે રોષ ઠાલવ્યો હતો અને હવે આવી રહેલી મનપાની ચુંટણીઓ સંદર્ભે જનતા યાદ આવી હોવાનો ટોણો પણ માર્યો હતો. જીતુભાઈ રાયકાએ ગોકુળપુરા વસાહતમાં ફરીને જનતાના રોષનો સામનો કરીને વણઉકેલાયેલી સ્થાનિક સમસ્યાઓ જાણવા પ્રયાસ કર્યો હતો અને ઉભરાતી ગટરો જેવી કેટલીક સમસ્યાઓને સત્વરે ઉકેલવાની ખાત્રી આપી હતી. જો કે તેમણે જે સ્થાનિક મહિલા સામાજિક કાર્યકર ભૂમિબેન રબારીએ હોર્ડિંગ્સ લગાડ્યાં છે તેમને મળવાનું ટાળ્યું હતું અને તેમના ટેકેદારોઓએ તો ભૂમિબેને લગાડેલા હોર્ડિંગ્સ પણ ઉતારીને હટાવી દીધા હોવાનું જાણવા મળ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગોકુળપુરામાં મોટાભાગની વસ્તી માલધારીઓની છે અને જીતુભાઈ રાયકા પણ તે જ સમાજના હોવા છતાં તેમને જનતાના રોષના ભોગ બનવું પડ્યું હતું અને તેમણે આપેલી હૈયાધારણ માત્ર ચુંટણીલક્ષી લોલીપોપ બનીને રહી ના જાય તેની તકેદારી રાખવા ટકોર કરી હતી.

## જન્મદિને વધામણી



કનુભાઈ એસ દવે
પ્રમુખ, માનવસેવા મંડળ
વક્તા, ગાંધીકથા
મો. ૭૮૭૮૩ ૨૨૬૬૩



વાઘેલા જીતેન્દ્રસિંહ ઈશ્વરસિંહ
રાજપુત સમાજ, ગાંધીનગર
મો. ૯૪૦૬૦૮૪૬૬૬



રેસુંગ ચૌહાણ
મો. ૯૯૭૮૮ ૯૪૨૮૯



## એસ.કે. પટેલ સ્કૂલમાં કાર્ટૂન ડે યોજાયો

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એ.કે. પટેલ કે.જી. ઈંગ્લિશ મિડિયમ સ્કૂલમાં કાર્ટૂન ડે સેલીબ્રેટ કરાયો હતો. જેમાં બાળકો દ્વારા ઓનલાઈન કલાસમાં પોતાના ફેવરેટ કાર્ટૂન જેવા કે છોટાભીમ, મીક્કીમાઉસ, લિટલ શિવમ, મોટુ પતલુ, ડોરેમોન દોરવામાં આવ્યા હતા.

# પેથાપુરની બાંધકામ સાઈટ પરથી નીચે પટકાતા શ્રમિકનું મૃત્યુ

## દાહોદથી સેન્ટીંગના કામ માટે ૨૦ દિવસથી આવ્યો હતો, રાત્રે અન્ય શ્રમિકો સાથે સુઈ રહેલા યુવકનો સવારે મૃતદેહ મળ્યો, બીજા માળેથી યુવક નીચે પટકાતા સળીયા ઘુસી જતા કમકમાટીભર્યુ મૃત્યુ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર નજીક આવેલા પેથાપુર પાસે આદિત્ય એલીગન્સ બાંધકામ સાઈટ પર બીજા માળેથી નીચે પટકાયેલા શ્રમિકનું મૃત્યું નિપજયું છે. રાત્રીના કોઈપણ સમયે નીચે પટકાયેલા શ્રમિકના શરીરમાં ૬ જેટલા સળીયા ઘુસી જતા તેનું કમકમાટીભર્યુ મૃત્યું થયું હતું. જયારે તેની સાથે રહેલા અન્ય શ્રમિકોને સવારે બનાવની જાણ થઈ હતી. શ્રમિક યુવાન ૨૦ દિવસ પહેલા જ ગાંધીનગર સેન્ટીંગના કામ માટે આવ્યો હતો. બનાવ અંગે પેથાપુર પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મુળ દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા તાલુકાના પથવાડા પોસ્ટ-રામા રહે.૩૮૫ ઉજાળા ફળીયુ ખાતે રહેતા ૨૦ વર્ષિય મુકેશ શંકરભાઈ કોળી (પટેલ) છેલ્લા ૨૦ દિવસથી ૧૧ વ્યકિત સેન્ટીંગના કામઅર્થે ગાંધીનગર નજીક પેથાપુર ખાતે આવેલી આદિત્ય એલીગન્સમાં કામ માટે આવ્યા હતા. ૨૦ દિવસથી તેઓ બાંધકામ સાઈટ પર સેન્ટીંગનું કામ કરી રહ્યા હતા. જયારે બાંધકામ સાઈટ પર રાત્રીના સમયે બીજા માળે મિત્રો સાથે સુઈ ગયેલા યુવકનો મૃતદેહ સવારે નીચે પાણીની ટાંકી પરથી મળી આવતા હોહા મચી જવા પામી હતી. ભોંયતળીયે નીચે પાણીની ટાંકી સંપ માટે બનાવેલા પીલ્લરના ૬ સળીયા તેને માથાના ભાગે તેમજ પીઠના ભાગે ઘુસી જતા મૃત્યુ થયુ હતું. પેથાપુર પોલીસને જાણ કરતા મૃતદેહ પીએમ અર્થે મોકલી આપી અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



૨૧ ફેબ્રુઆરીનો દિવસ આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસને ઉજવવા માટે ગાંધીનગરમાં આવેલી એસ.એસ.વી. કેમ્પસના વિદ્યાર્થીઓએ પોતાની માતૃભાષામાં પોતાનો પરિચય આપ્યો હતો. તેની સાથે સાથે માતૃભાષાને અનુરૂપ પહેરવેશ પણ પહેર્યા હતાં.

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં માતૃભાષા વંદના કાર્યક્રમ યોજાયો




ગાંધીનગર, તા.૨૨

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગરના ગુજરાતી વિભાગ દ્વારા વિશ્વ માતૃભાષા દિન નિમિત્તે માતૃભાષા વંદના કાર્યક્રમ યુનિવર્સિટીના કુલપતિ હર્ષદ શાહના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે જાણીતા સાહિત્યકાર અને ચિંતક ભાગ્યેશ જહા ઉપસ્થિત રહ્યા હતા. યુનિવર્સિટીના તમામ ડિપાર્ટમેન્ટના વિદ્યાર્થીઓએ માતૃભાષા અંગે વિચારો અને ગુજરાતી સાહિત્યની શ્રેષ્ઠ કૃતિઓ અંગે રજૂઆત કરી હતી. આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના કુલસચિવ ડો.અશોક પ્રજાપતિ, ભાષાભવનના ડાયરેક્ટર ડો.રાકેશ પટેલ, તમામ વિભાગના અધ્યાપકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. વિભાગના અધ્યક્ષ ડો. પ્રશાંત પટેલે સૌનું અભિવાદન કર્યું હતું અને વિભાગના પ્રાધ્યાપક સંજય પટેલ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે.બી. પ્રાથમિક શાળાના ધોરણ ૩ થી ૮ના વિદ્યાર્થીઓ માટે તા. ૧૯ને શુક્રવારે એકપાત્રીય અભિનયની ઓનલાઈન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તમામ વર્ગના કુલ ૫૫ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ ડોકટર, ક્રિશ્ના, ફેરીયો, પોલીસ, આર્મી, ગોવાળીયો વગેરે જેવા અલગ અલગ પાત્રોનો અભિનય કર્યો હતો.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. છાયા જયાબેન ડાહ્યાલાલ
  ઉ.વ. ૭૨, સરગાસણ
- સ્વ. પટેલ ધનજીભાઈ નાથાલાલ
  ઉ.વ. ૮૯, સેકટર-૩
- સ્વ. પટેલ મનીષાબેન શૈલેશભાઈ
  ઉ.વ. ૪૪, પેથાપુર

● રુદ્રભૂમિ અંતિમધામ ●

- સ્વ. પટેલ નર્મદાબેન ગોપાલભાઈ
  ઉ.વ. ૭૨, શાહપુર